GJBK010012412026

**<u>એમ.એ.સી.પર.અરજ નં. ૪૮૯/૨૦૨૬</u>**

**<u>આંક–૧ લગત હુકમ</u>**

**૧.** અરજદાર તથા તેમના તરફે એડવોકેટ શ્રી એમ.એમ. પરમારને સાંભળ્યા. આ કામના અરજદારે ફીકસ ડીપોઝીટ કરેલી રકમ રૂા. ૨,૦૮,૦૪૦/– તા. ૨૩/૦૫/૨૫ ના રોજ પાકી ગયેલ હોય, જે પરત મેળવવા અરજ કરેલ છે.

**૨.** એમ.એ.સી.પી. નં. ૮૦/૨૦૧૬ ના કામે પેમેન્ટ ઓર્ડર  થયેલ છે અને તે આધારે સામાવાળા વિમા કંપની ધ્વારા અત્રેની કોર્ટમાં રકમ જમા કરાવેલી, જેમાંથી રૂા. ૨,૦૮,૦૪૦/–યુનીયન બેંક ઓફ ઇન્ડીયા માં પાંચ વર્ષ માટે ફીકસ ડીપોઝીટ કરેલ હતા, જે એફ.ડી.આર. તા. ૨/૦૬/૨૦૨૫ ના રોજ પાકતી  મુદત હોય, અને આ કામે અપીલ કે રીવીઝન થયેલ ન હોય, સદર એફ.ડી. કરેલ નાણાં  ચુકવવા હુકમ કરવા અરજ કરેલ છે.

**3.** તા. ૨/૦૬/૨૦૨૦ ના રોજ રૂા. ૨,૦૮,૦૪૦/– યુનીયન બેંક ઓફ ઇન્ડીયા માં પાંચ વર્ષ માટે ફીકસ ડીપોઝીટમાં મુકવામાં આવેલા હતા. અરજી ઉપર ડેપ્યુટી રજીસ્ટ્રારે કરેલો શેરો જોતાં, કેસ રજીસ્ટર તથા રીટ રજીસ્ટરે ચકાસણી કરતાં અપીલ કે રીવીઝન થયેલ નથી. અરજદારે પણ તેમની રજુઆતમાં નામદાર ગુજરાત હાઇકોર્ટમાં કોઇ અપીલ કે રીવીઝન થયેલ નથી તેમ જણાવેલ છે. આમ, આ તબકકે કોઇ ઉપરી કોર્ટમાં અપીલ થયેલ નથી તેમજ ફીકસ ડીપોઝીટની રસીદ જોતાં ફીકસ ડીપોઝીટ તા. ૨/૦૬/૨૦૨૫ ના રોજ મુદત પુર્ણ થઇ ગયેલ છે. જેથી અરજદારની અરજી મંજુર કરવાપાત્ર જણાતી હોય, નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**–:: <u>હુ ક મ</u> ::–**

– ફીકસ ડીપોઝીટની રકમ જરૂરી ઓળખ લઇને અરજદારને પરત આપવાનો હુકમ કરવામાં આવે છે.

– બેંકને યાદી કરવી.

આ હુકમ આજ તા. ૨૯ મી માહે જૂન સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

સ્થળ : પાલનપુર
તારીખ : ૨૯/૦૬/૨૦૨૬

**(અમિત જે. કાનાણી)**
એમ.એ.સી.ટી. (ઓકઝી) અને
ત્રીજા એડીશનલ ડીસ્ટ્રીકટ જજ,
બનાસકાંઠા–પાલનપુર
(કોડ નં. જી.જે. ૦૦૬૬૨)